જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૬/૨૦૨૩ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## મણીનગર પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ ટીમ દ્વારા સગીર બાળકીનું કાઉન્સલીંગ કરી ખોટા રસ્તે જતા અટકાવી

તા.૦૯/૦૬/૨૦૨૩ ના રોજ ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક મણીનગર વિસ્તારમાંથી એક પુરુષનો ફોન આવે છે અને જણાવે છે કે પોતાની દિકરી ઉવ.૨૦ ની જે ટી.વાય. બી.ફાર્મ કરે છે. જે તેના મિત્રો સાથે ખરાબ રસ્તે ચડી ગયેલ છે. છ મહિનાથી તેનુ અફેર ચાલતુ હોય તેના પુરુષ મિત્ર સાથે ફર્યા કરે છે અને ઘરેથી કોલેજ જવાનુ કહીને કોલેજ પણ જતી નથી અને મિત્રો સાથે બહાર ફર્યા કરે છે અને ભણવામાં બિલકુલ ધ્યાન આપતી નથી તેમજ આખો દિવસ મોબાઈલ ફોન તથા લેપટોપ મુકતી નથી અને પોતાના ખરાબ વિડીયો બનાવી પુરુષ મિત્રના ફોન ઉપર મોકલ્યા કરે છે. આમ ભણવામા પણ ધ્યાન આપતી ના હોય તેઓ મોબાઈલ લઈ લેતા તે ગુસ્સો કરતી હોય. જેથી દિકરીના સુરક્ષીત ભવિષ્ય માટે સમજાવવા સારુ પોતે ફોન કરેલ છે. જેથી તાત્કાલીક મણીનગર પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમ આ દિકરીને સમજાવવા પહોચી જિંદગી વિશે તેમજ પરીવારની અહેમિયત શુ છે તે સમજાવ્યુ. એજયુકેશનનુ મહત્વ તેમજ સોશિયલ મીડીયાનો સારો ઉપયોગ કરવા અને ખોટો ઉપયોગ ન કરવા ખોટી સંગત છોડી ભણતર પર ધ્યાન આપવા સારા-ખોટાની સમજણ આપી સારા રસ્તે ચાલવા તથા માતા-પિતાને આદર આપી તેમને સહકાર આપવા સમજાવી તેના માતા-પિતાને પણ દિકરીને સમજવાનો સમય આપવા તથા પ્રેમથી સમજાવવા અને ટોચરીંગ ન કરવા કાયદાકીય રીતે માર્ગદર્શન આપીને સમજાવેલ અને જરૂર પડયે ફરીથી પણ કાઉન્સેલીંગ સારૂ ૧૮૧ હેલ્પલાઈન ટીમની મદદ લેવા જણાવેલ. આમ દિકરીનુ કાઉન્સલીંગ કરી તેની ખોટા રસ્તે જઈ જિંદગી બર્બાદ થતી અટકાવવા જેવી માનવતા ભરી સારી કામગીરી મણીનગર પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

**કામગીરી કરનાર ટીમ :-** મણીનગર પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૭૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૨૬ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૯,૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૮૦/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૮૧/૨૦૨૩**

**નરોડાઃ** ચંદ્રીકાબહેન કાલીદાસ પટેલ (ઉ.વ.૬૫)(રહે.ગોકુલધામ સોસાયટી વ્યાસવાડી બાજુમાં કઠવાડા રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૩ સવારના ૧૧/૧૫ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા હરિદર્શન ચાર રસ્તા થી ગોકુલધામ સોસાયટી ના ગેટ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં સાથે બેસેલ ત્રણ અજાણ્યા ઇસમોએ ભેગામળી ચંદ્રીકાબહેનની નજર ચુકવી તેમના ગળામાં પહેરેલ સોનાની મગમાળા કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**શેડનું પતરૂ તૂટતા પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૮૨/૨૦૨૩**

**નારોલઃ** વિજયકુમાર સુશીલકુમાર વિશ્વકર્મા (ઉ.વ.૩૭)(રહે.હંસપાર્ક સોસાયટી શારદા સ્કૂલ સામે મોની હોટલના ખાંચામા નારોલ) તા.૧૫/૦૬/૨૦૨૩ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે કાદમાવાલા ફેક્ટરી ખાતે શેડ રીપેરિંગનુ કામ જોવા માટે શેડ ઉપર ચડતા પતરૂ તુટી જતા નીચે પડી જતા વિજયકુમારને શરીરે ઇજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલ ખાતે લાવતા સાંજના ૫/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૮૩/૨૦૨૩**

**રામોલઃ** કનુભાઇ હરીભાઇ ક્રિશ્ચીયન (ઉ.વ.૬૯)(રહે,નિલકંઠ સોસાયટી કેનાલ પાસે સી.ટી.એમ. રામોલ) એ બીમારી થી કંટાળી જઇ તા.૧૬/૦૬/૨૦૨૩ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

**નારોલઃ** શાંતી ડો/ઓ રામસુમેર સરોઝ (ઉ.વ.૨૩)(રહે.સૈજપુર ગોપાલપુર ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૩ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.વાય.પઠાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી